**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા..૧૨/૧૦/૨૦૧૫ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૬૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી અને ૩૪ વ્યક્તિઓને ઝડપી ૧૪૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇગ્લીશ દારૂ અને ૪ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૨/૧૫**

**ચાંદખેડા :** ચંદ્રીકાબહેન રણજીતભાઇ ઠાકોર (રહે.સવજીવાસ, મોટેરા ગામ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર પ્રજ્ઞેશ (ઉ.વ.૫) નું કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૩/૧૫**

**વેજલપુર :** સુભાષભાઇ રસીકભાઈ મહેતા (રહે.સુવિધી એપાર્ટમેન્ટ, જ્ઞાનદા સોસાયટી પાછળ, જીવરાજપાર્ક, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.03/૧૦/૧૫ રાતનાં ૯/30 થી તા.૫/૧૦/૧૫ સવારનાં ૧૦/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૯,000/-, સોનાની ચાર જોડ બુટ્ટીઓ કિંમત રૂપિયા ૨૪,000/-, મોતીની માળા પેંડલ, બુટ્ટી સેટ કિંમત રૂપિયા 30,000/-, સોનાની વિંટી કિંમત રૂપિયા ૯,000/-, સોનાની શેર કિંમત રૂપિયા 3,000/- અને મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૨,૫00/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મસઇ.શ્રી અમરતલાલ કાળીદાસ ચલાવે છે

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૬૪/૧૫**

**એલીસબ્રીજ :** ભવરલાલ સુવાલાલ કુમાવત (રહે.ઇન્ડીયા કોલોની, ગુપ્તાનગર, એ.પી.એમ.સી.માર્કેટની સામે, વેજલપુર) એ તા.૧૦/૧૦/૧૫ સાંજનાં ૭/30 વાગે આંબાવાડી શ્રેયસ બ્રીજ પાસે, ઓલવીશ ફ્લેટની નીચે શ્રીચારભુજા પસ્તી ભંડાર નામની દુકાન આગળ પોતાની ટાટા ૨૦૭ ગાડી નંબર જીજે.૦૧.બી.ટી.૭૩૨૯ કિંમત રૂપિયા ૧,૭0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૧૦/૧૫ સવારનાં ૭/30 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ભવરલાલ કુમાવતે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૬૫/૧૫</u>**

**વટવાઃ** મુકેશભાઇ નરેશભાઇ યાદવ (રહે.મારીયાપાર્ક, રાણીપુર ગામ, નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે કોઝી હોટલ નજીકથી ટેટુરામ ટેકોરામ કહાર નાઓ ચાલતાં પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ચાલક મોહમદફારૂક યુસુફભાઇ સૈયદ (રહે.કોઝી હોટલની પાછળ, બિસમિલ્લાનગર, દાણીલીમડા) એ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, ટેટુરામ કહારને ટક્કર મારતા, ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** આશાબહેન રોહિતભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે.સનરાઇઝપાર્ક સોસાયટી, શ્રીફળ હોલ પાસે, ચાંદલોડીયા) તા.૧૧/૧૦/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા બ્રીજ ચઢતાં, શ્રીફળ હોલ નજીકથી પોતાના પુત્ર સ્વનીક (ઉ.વ.૩) સાથે રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન પીકઅપ ડાલુ નંબર જીજે.૦૧.ડી.વી.૦૩૨૮ નાં ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, સ્વનિકને ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૬૬/૧૫</u>**

**પાલડી :** ભાનુબહેન ઇશ્વરભાઇ દેસાઇ (ઉ.વ.૫૦)(રહે.પંકજ સોસાયટી, પાલડી ભઠ્ઠા) તા.૧૦/૧૦/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતાં હતા ત્યારે પહેરેલ સાડીનાં પાલવને ગેસની જાળ લાગી જતાં, ભાનુબહેન શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૬૭/૧૫</u>**

| | |
|---|---|
| **ગોમતીપુરઃ** રામચંદ્ર અંબાલાલ ગુનાલ (ઉ.વ.૩૦)(રહે.ધુળાભાઈની ચાલી હનુમાન મંદિરની ગલીમાં સત્યમ ફ્લેટ પાછળ ગોમતીપુર) તા.૨૬/૯/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરી જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનુ ચોકડીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે.જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં વિજયલક્ષ્મી રામચંદ્ર લખાવેલ છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઈંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **બાપુનગરઃ** દિપમાલા ઉર્ફે દિપ્તી જગદીશભાઈ (રહે.શાસ્ત્રીનગર બાપુનગર) તા.૨૯/૯/૧૫ સાંજના ૫/૧૫ વાગ્યાનાં સુમારે બાપુનગર જમનાનગર દુર્ગા ફીજીકલની ઓફીસ નજીકથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનો ફુલ દીઝાઈનવાળો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **વટવાઃ** શીલાબહેન સુબેન્દ્રપ્રસાદ અવસ્થી (ઉ.વ.૨૪)(રહે.શાસ્ત્રીનગર વિભાગ-૨ જેઠાભાઈની વાવ સામે ઈસનપુર વટવા રોડ) તા.૧/૧૦/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોલેજ જવાનુ કહી એક્ટીવા નંબર જીજે ૨૭ એડી ૨૧૮૯ લઈ નિકળ્યા બાદ પત્તો નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રીમ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **મેઘાણીનગર:** નિલમબહેન અરવિંદભાઈ પટેલ (ઉ.વ.૨૩)(રહે. ડાહ્યાકાકાનગર સોસાયટી મેઘાણીનગર) તા.૧/૧૦/૧૫ સાંજનાં ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનો ડ્રેસ પહેર્યો છે. દાઢીના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **સરદારનગર:** અંકીતાબહેન મહેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.૧૯)(રહે.ખોડીયારનગર વિભાગ-૧ નોબલનગર સરદારનગર) તા.૨/૧૦/૧૫ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. વાદળી રંગનો ફુલ ડીઝાઈનવાળો પંજાબી ડ્રેસ પહેર્યો છે. (સરદારનગર પોલીસ સ્ટે.ટેલી નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **વાડજ:** દિનેશ ટપુભાઈ મકવાણા (ઉ.વ.૫૫)(રહે.લીલામાતાની ચાલીની પાછળ ગાંધીનગરનો ટેકરો જુના વાડજ) તા.૧૩/૯/૧૫ બપોરના ૪/00 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ લીટીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ડાબા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં ડી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ 3 ઇંચ છે. (વાડજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૯૯૬૪૦) |  |
| **વટવા:** વિનલબહેન કમલેશભાઈ બ્રાહ્મણ (ઉ.વ.૧૪)(રહે.સ્મૃતિ દર્શન સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ ઘોડાસર) તા.૨૮/૯/૧૫ બપોરના ૨/30 વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતલા બાંધાના અને શ્યામવર્ણા છે. ગુલાબી રંગનુ ટોપ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઇંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **વેજલપુર:** સુરેખાબહેન રાજુભાઈ દંતાણી (ઉ.વ.૧૩)(રહે.ઔડાના મકાનમાં સરકારી વસાહત ભાઠગામ વાસણા) તા.3/૧૦/૧૫ કલાક ૭/00 વાગ્યાના સુમારે વાસણા સરકારી સ્કૂલ ગયા બાદ પત્તો નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ ટોપ અને લેગીઝ પહેરી છે. જમણા હાથે ખભાથી પંજા સુધી લાલ લાખાનો પટ્ટો છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન ફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **નરોડા:** પુષ્પાબહેન કુલસિંહ રાજપુત (ઉ.વ.૧૯) (રહે. એસ ટી ક્વાર્ટર્સ નરોડા) તા.૨૮/૯/૧૫ કલાક ૧૧/00 વાગ્યાના સુમારે કોલેજ જવાનુ કહી ઘરેથી નિકળ્યાબાદ પરત ફર્યા નથી. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)